## અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો

"અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો"("એમઆઈટીસી") યસ બૅંકની ક્રેડિટ કાર્ડ પ્રોડક્ટમાં રસ ધરાવતા બધા ક્રેડિટ કાર્ડસ/કાર્ડના સભ્યો/ક્રેડિટ કાર્ડ્સના અરજદારો/યસ બૅંકના ગ્રાહકો/આમ જનતાના સભ્યોને લાગુ થાય છે. એમઆઈટીસી યસ બૅંકની મરજી અનુસાર અને સમયાંતરે લાગુ કાયદા અનુસાર ફેરફારને આધીન છે અને તે કાર્ડ સભ્ય કરાર ("કાર્ડ સભ્ય કરાર")ના નિયમો અને શરતો ઉપરાંત છે અને વાંચવાના રહેશે. જો એમઆઈટીસી અને કાર્ડ સભ્ય કરારમાં કોઈ અસાતત્યતા હોય તો કાર્ડ સભ્ય કરાર ધ્યાનમાં લેવાશે, સિવાય કે અહીં અન્યથા નિર્દિષ્ટ કરાયું હોય.

અહીં ઉપયોગ કરાયેલી પરંતુ અહીં વ્યાખ્યા નહીં કરાયેલી બધી કેપિટલાઈઝ્ડ પરિભાષા કાર્ડ સભ્ય કરાર હેઠળ તેમને આપવામાં આવેલો અર્થ ધરાવશે.

## 1. ફી અને ચાર્જીસ

### એ. વાર્ષિક સભ્યપદ ફી

વાર્ષિક સભ્યપદ ફી પ્રાઈમરી અને એડ-ઓન ક્રેડિટ કાર્ડ(ર્ડો) પર લાગુ થશે. આ ફી કાર્ડ સભ્ય દ્વારા લેવાયેલા યસ બૅંક ક્રેડિટ કાર્ડ હેઠળ ઓફરને આધારે ભિન્ન હોઈ શકે છે. તે ક્રેડિટ કાર્ડની અરજી સમયે કાર્ડ સભ્યને જાણ કરવામાં આવી છે. આ ફી, લાગુ મુજબ કોઈ પણ એડ-ઓન કાર્ડ સભ્ય(યો) માટે ફી સહિત જારી/નવીનીકરણ પર કાર્ડ સભ્યના ક્રેડિટ કાર્ડ અકાઉન્ટને બિલ કરાશે અને તે બિલ અપાયું હોય એ મહિનાના ક્રેડિટ કાર્ડ નિવેદનમાં જોઈ શકાશે. ક્રેડિટ કાર્ડ બંધ કરવા પર ફીનું કોઈ રિફંડ લાગુ નહીં થશે.

### બી. કેશ એડવાન્સ ફીઝ

કાર્ડ સભ્ય ભારત અથવા વિદેશમાં એટીએમમાંથી અહોરાત્ર રોકડને પહોંચ મેળવવા માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. 2.5% (લઘુતમ ₹300)ની લેણદેણ ફી ઉપાડ કરેલી રકમ પર લાગુ થશે અને તે આગામી મહિનાના નિવેદનમાં કાર્ડ સભ્યના બિલમાં બતાવાશે. લેણદેણ ફી યસ બૅંકની એકમેવ મરજીથી ફેરફારને આધીન છે. બધી કેશ એડવાન્સ લેણદેણ પર ઉપાડની તારીખથી સંપૂર્ણ ચુકવણી કરાય તે તારીખ સુધી ફરતી ક્રેડિટ (કૃપા કરીને ચાર્જીસનું શિડ્યુલ જુઓ) પર ચાર્જની સમકક્ષ ફાઈનાન્સ ચાર્જ પણ લાગુ થશે. લાગુ ફાઈનાન્સ ચાર્જ યસ બૅંકની એકમેવ મરજીથી ફેરફારને આધીન છે.

### સી. અન્ય ચાર્જીસ

- ફીઝ અને ચાર્જીસ, સમયાંતરે લાગુ મુજબ, યસ બૅંકે કાર્ડ સભ્યને આપેલી ચોક્કસ સેવાઓ અથવા તેના/તેણીના કાર્ડ અકાઉન્ટ સંબંધમાં કાર્ડ સભ્ય દ્વારા કરાયેલા ડિફોલ્ટ માટે કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવા પાત્ર રહેશે.
- જો ચુકવણીની આખર તારીખ સુધી લઘુતમ લેણી રકમ નહીં ચૂકવવામાં આવે તો વિલંબ ચુકવણી ચાર્જીસ લાગુ થશે. ક્લિયર ફંડ્સ વિલંબ ચુકવણી ચાર્જીસ ટાળવા માટે ચુકવણીની આખર તારીખના રોજ અથવા પૂર્વે યસ બૅંક ક્રેડિટ કાર્ડ અકાઉન્ટમાં જમા કરવાનાં રહેશે. વિલંબ ચુકવણી ચાર્જીસ નીચે મુજબ લાગુ થશે:

| સ્ટેટમેન્ટ બેલેન્સ | વિલંબ ચુકવણી ચાર્જીસ |
|---|---|
| ₹100/-થી ઓછી | શૂન્ય |
| ₹100/- થી ₹500/- | ₹100/- |
| ₹501/- થી ₹5,000/- | ₹400/- |
| ₹5,001/- થી ₹20,000/- | ₹500/- |
| ₹20,000/- અને વધુ | ₹700/- |

- કૃપા કરીને ધ્યાન રાખો કે વસ્તુ અને સેવા કર સહિત લાગુ ઈનડાયરેક્ટ ટેક્સીસ પ્રવર્તમાન ઈનડાયરેક્ટ ટેક્સ (જીએસટી 1 જુલાઈ, 2017થી લાગુ થશે) હેઠળ બધી ફી અને ચાર્જીસ અને કર માટે ઉત્તરદાયી કોઈ પણ અન્ય રકમ પર લાગુ થશે.
- યસ બૅંક સમયાંતરે કોઈ પણ ફી કે ચાર્જીસમાં ફેરફાર કરવાનો અથવા યોગ્ય લાગે તે મુજબ નવી ફી અથવા ચાર્જીસ રજૂ કરવાનો અધિકાર ધરાવે છે. આવા ફેરફાર કમસેકમ 30 દિવસની સૂચના આપીને સંભાવ્ય અસરથી લાગુ કરાશે.

### ડી. વ્યાજ મુક્ત સમયગાળો

કાર્ડ સભ્ય ચોક્કસ ક્રેડિટ કાર્ડ (કૃપા કરીને અહીં આપેલા બીડાણમાં ચાર્જીસનું શિડ્યુલ જુઓ) પર લાગુ યોજનાને આધીન 50 દિવસ સુધીનો વ્યાજ મુક્ત ક્રેડિટ સમયગાળો ઉપલબ્ધ કરી શકે છે. જોકે વ્યાજ મુક્ત સમયગાળો ગત મહિનાના નિવેદનમાં બાકી રકમ આખર તારીખના રોજ અથવા પૂર્વે સંપૂર્ણ ચૂકવી નહીં દેવાય તો લાગુ નહીં થશે. જો કાર્ડ સભ્ય એટીએમમાંથી રોકડ ઉપાડે તો પણ તે લાગુ નહીં થશે.

વ્યાજ મુક્ત ક્રેડિટ સમયગાળાની ગણતરી માટે સાંકેતિક દાખલો :

હવે આપણે એવું ધારીએ કે ક્રેડિટ કાર્ડ માટે ચુકવણીની આખર તારીખ 25મી મે છે, અને ગત મહિનાનાં લેણાં સંપૂર્ણ ચૂકવાયાં છે તો ગ્રેસ સમયગાળો આ મુજબ રહેશે :

1. 6ઠ્ઠી એપ્રિલે કરેલી ખરીદી માટે વ્યાજ મુક્ત ક્રેડિટ સમયગાળો 6ઠ્ઠી એપ્રિલથી 25મી મે રહેશે = 50 દિવસ
2. 17મી એપ્રિલે કરેલી ખરીદી માટે વ્યાજ મુક્ત ગ્રેસ સમયગાળો 17મી એપ્રિલથી 25મી મે રહેશે = 39 દિવસ

## 2. લિમિટ્સ

- યસ બૅંક તેની એકમેવ મરજીથી કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટ અને રોકડ ઉપાડની લિમિટ (એડ-ઓન કાર્ડ સભ્યોની લિમિટ પ્રાઈમરી કાર્ડ સભ્ય જેટલી જ રહેશે). ક્રેડિટ લિમિટ મહત્તમ રકમ છે, જે કોઈ પણ સમયે ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ સામે બાકી હોઈ શકે છે. આ લિમિટ કાર્ડની ડિલિવરી સમયે અને માસિક નિવેદન થકી કાર્ડ સભ્યને યોગ્ય રીતે જાણ કરાશે. નિવેદન ઉત્પત્તિના સમયે ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ યસ બૅંક દ્વારા વ્યાખ્યા કે મુકરર મુજબ રોકડની મહત્તમ રકમ અથવા રોકડની સમકક્ષ રહેશે, જે કાર્ડ સભ્ય તેના/તેણીના ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ પર ઉપયોગ કરી શકશે. રોકડ લિમિટ કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટનો હિસ્સો છે. કૃપા કરીને લાગુ કેશ એડવાન્સ લિમિટ જાણવા માટે ચાર્જીસનું શિડ્યુલ જુઓ.
- સેવાની સુવિધા તરીકે યસ બૅંક કાર્ડ સભ્ય દ્વારા પ્રયાસ કરાયેલી ક્રેડિટ લિમિટ ઉપરાંતની અમુક લેણદેણ મંજૂર કરી શકે છે. જોકે ઓવરલિમિટ રકમના 2.5%નો ઓવર લિમિટ ચાર્જ અથવા ₹500 (જે પણ ઉચ્ચ હોય) તે ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ પર લાગુ થશે.
- યસ બૅંક સમયાંતરે કાર્ડ સભ્યનું ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ સમીક્ષા કરશે. યસ બૅંક તેની એકમેવ મરજીથી આંતરિક માપદંડને આધારે કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટ ઘટાડી શકે છે. બૅંક આવું થાય તો એસએમએસ/ઈમેઈલ દ્વારા અને ત્યાર પછી લેખિતમાં સમર્થન દ્વારા કારણો સહિત તાત્કાલિક તે વિશે કાર્ડ સભ્યને માહિતગાર કરશે.
- કાર્ડ સભ્ય જો કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટ વધારવા માગતો હોય તો યસ બૅંકને લેખિતમાં આપીને અને કાર્ડ સભ્ય/યોની આવક જાહેર કરતા નાણાકીય દસ્તાવેજો આપીને આવું કરી શકે છે. યસ બૅંક તેની એકમેવ મરજીથી અને આવા પૂરા પડાયેલા નવા દસ્તાવેજોને આધારે કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટ વધારી શકે છે.
- ક્રેડિટ કાર્ડનો ઉપયોગ સમયાંતરે અપાયેલી ક્રેડિટ લિમિટ્સનો સ્વીકાર કરાયો છે એવું ધારવામાં આવશે.

## 3. ફાઈનાન્સ ચાર્જીસ

- ફાઈનાન્સ ચાર્જીસ કાર્ડ સભ્ય તેની બાકી રકમ સંપૂર્ણ નહીં ભરવા માગતો હોય અને કાર્ડ સભ્યે લીધેલા બધા કેશ એડવાન્સીસ પાછા નહીં ચૂકવવાનું પસંદ કરતા કાર્ડ સભ્યના કિસ્સામાં લેણદેણની તારીખથી બધી લેણદેણો પર માસિક ટકાવારી દર ચૂકવવાપાત્ર રહેશે. ફાઈનાન્સ ચાર્જીસ જો લાગુ હોય તો કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણ ચૂકવી નહીં દેવાય ત્યાં સુધી કાર્ડ સભ્યના અકાઉન્ટમાંથી કાપી લેવાશે.
- કેશ એડવાન્સીસ પર ફાઈનાન્સ ચાર્જીસ ચુકવણી સંપૂર્ણ ચૂકવી નહીં દેવાય ત્યાં સુધી લેણદેણની તારીખથી લાગુ થશે.
- કાર્ડ સભ્ય કોઈ પણ બાકી રકમ કેરી ફોર્વર્ડ કરાવે અથવા કેશ એડવાન્સ લે તો ફાઈનાન્સ ચાર્જીસ સરેરાશ રોજની બેલેન્સ પદ્ધતિથી ગણતરી કરાશે, જે કેરી ફોર્વર્ડ કરેલી બેલેન્સને અને નવાં બિલિંગમાં ત્યાં સુધી લાગુ થશે જ્યાં સુધી ગત બાકી રકમો સંપૂર્ણ પુનઃચુકવણી નહીં કરવામાં આવે.
- કૃપા કરીને નોંધ લો કે ફાઈનાન્સ ચાર્જીસ અને અન્ય ચાર્જીસ યસ બૅંકની મરજીથી ફેરફારને આધીન છે.

**કૃપા કરીને ફરતી ક્રેડિટ પર ફાઈનાન્સ ચાર્જીસની ગણતરી સમજવા માટે આ દાખલો જુઓઃ**

| તારીખ | લેણદેણ | રકમ |
|---|---|---|
| 2જી જૂન | એપરલની ખરીદી | ₹5000 |
| 14મી જૂન | કરિયાણાની ખરીદી | ₹1000 |
| 20મી જૂન | નિવેદન તારીખ | કુલ લેણી રકમ = ₹6000ની લઘુતમ લેણી રકમ = ₹300 |
| 10મી જુલાઈ | કાર્ડની રકમ પર કરાયેલી ચુકવણી | ₹1000 (ક્રેડિટ) |
| 14મી જુલાઈ | કરિયાણાની ખરીદી | ₹1000 |
| 20મી જુલાઈ | નિવેદન તારીખ | કુલ લેણી રકમ = ₹6214.62 લઘુતમ લેણી રકમ = ₹310.73 |

ધારવામાં એવું આવ્યું છે કે કાર્ડ સભ્યે બધાં ગત લેણાં સંપૂર્ણ ચૂકવી દીધાં છે અને તેના/તેણીના યસ બૅંક ક્રેડિટ કાર્ડ અકાઉન્ટમાં કોઈ પણ રકમ બાકી નથી. કાર્ડ સભ્યના નિવેદનની તારીખ દર મહિનાની 20મી છે. કાર્ડ સભ્યે તેના/તેણીના કાર્ડ અકાઉન્ટ પર કરેલી લેણદેણની યાદી નીચે મુજબ છેઃ

તારીખ 20મી જુલાઈના નિવેદનમાં કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર કુલ રકમનાં ઘટકો તરીકે નિમ્નલિખિત પ્રદર્શિત થશે :
ગણતરી કરેલું વ્યાજ = (બાકી રકમ x 1.99% માસિક x 12 મહિના x દિવસોની સંખ્યા)/365
2 જૂન થી 9 જુલાઈ સુધી (ફક્ત 38 દિવસ) માસિક 1.99%ના દરે ₹5000 પર વ્યાજ = ₹124.31
14 જૂન થી 9 જુલાઈ સુધી (એટલે ફક્ત 26 દિવસ) માસિક 1.99%ના દરે ₹1000 પર વ્યાજ = ₹17.01
10 જુલાઈ થી 20 જુલાઈ સુધી (એટલે ફક્ત 11 દિવસ) માસિક 1.99%ના દરે ₹5000 પર વ્યાજ = ₹35.98
14 જુલાઈ થી 20 જુલાઈ સુધી (એટલે ફક્ત 7 દિવસ) માસિક 1.99%ના દરે ₹1000 (નવેસરથી ખર્ચેલા) પર વ્યાજ = ₹4.58
એ) ₹181.88ના કુલ વ્યાજ
બી) વ્યાજની રકમ પર 18% વસ્તુ અને સેવા કર = ₹32.74
સી) કુલ મૂળ બાકી રકમ = ₹6000 (₹1000 નવેસરથી ખર્ચેલા + ગત મહિનાના બિલિંગ સમયગાળાથી ₹5000 બાકી)
આથી કુલ લેણી રકમ = (એ) + (બી) + (સી) = ₹6214.62

## 4. બિલિંગ

- યસ બૅંક કાર્ડ સભ્યને છેલ્લા નિવેદનથી કાર્ડ અકાઉન્ટમાં જમા કરેલી ચુકવણી અને કાપી લીધેલી લેણદેણ દર્શાવતું માસિક નિવેદન મોકલશે. યસ બૅંક પૂર્વ–નિર્ધારિત તારીખે દર મહિને યસ બૅંક પાસે નોંધમાં ટપાલ/ઈમેઈલ સરનામે કાર્ડ અકાઉન્ટમાં લેણદેણનું નિવેદન મેઈલ/ઈમેઈલ કરશે. જો બાકી રકમ ₹200/–થી ઓછી હોય અને છેલ્લા નિવેદનથી બાકી બિલિંગમાં કોઈ વધુ લેણદેણ નહીં કરી હોય તો કોઈ નિવેદન જારી નહીં કરાશે.
- યસ બૅંક ક્રેડિટ કાર્ડસ કાર્ડ સભ્યને ફરતી ક્રેડિટની સુવિધા આપે છે. કાર્ડ સભ્ય ક્રેડિટ કાર્ડ નિવેદનમાં ઉલ્લેખ અનુસાર ફક્ત લઘુતમ લેણી રકમ (એમએડી), કુલ લેણી રકમ અથવા કુલ લેણી રકમનો કોઈ પણ હિસ્સો ચૂકવવાનું પસંદ કરી શકે છે. બાકી રકમ ત્યાર બાદનાં નિવેદનમાં કેરી ફોર્વર્ડ કરાશે. આવી ચુકવણી એ ચુકવણીની આખર તારીખે કરવાની રહેશે. ક્લિયર ફંડ્સ યસ બૅંક કાર્ડ અકાઉન્ટમાં વિલંબ ચુકવણી ચાર્જીસ ટાળવા માટે આખર તારીખના રોજ અથવા પૂર્વે ચુકવણી કરવાનાં રહેશે. કાર્ડ સભ્યોને સલાહ છે કે ચુકવણીની આખર તારીખમાં કાર્ડ અકાઉન્ટમાં ચુકવણી પ્રદર્શિત થાય તેની ખાતરી રાખવા માટે ચુકવણીની આખર તારીખથી અગાઉથી સ્થાનિક ચેક ડ્રોપ કરવો.
- વર્તમાન લઘુતમ લેણી રકમ બાકી રકમના 5% અથવા ₹100 (જે પણ ઉચ્ચ હોય) તરીકે ગણતરી કરાઈ છે, જેમાં બધા લાગુ કરો અને ઈએમઆઈ (ફક્ત ઈએમઆઈ આધારિત પ્રોડક્ટના કિસ્સામાં) ઉમેરવામાં આવ્યા છે. ગત નિવેદનની કોઈ પણ ન ચૂકવેલી લઘુતમ લેણી રકમ કાર્ડ સભ્યની ક્રેડિટ લિમિટ ઉપરાંત બાકી રકમ ઉપરાંત કાર્ડ સભ્યની વર્તમાન લઘુતમ લેણી રકમમાં ઉમેરાશે.
- ક્રેડિટ કાર્ડની બાકી રકમ સામે ચુકવણીઓ ત્યાર બાદનાં નિવેદનમાં પહોંચ અપાશે.
- કાર્ડ સભ્યની કાર્ડની બાકી રકમ સામે પ્રાપ્ત ચુકવણીઓ સેવા કર, વ્યાજ શુલ્ક, સેવા શુલ્ક અને ફી (સભ્યપદ ફી સહિત), છેલ્લા ચક્રથી મૂળ બાકી રકમ અને વર્તમાન ચક્રમાં ખરીદી એ ક્રમ સામે સમાયોજિત કરાશે.
- કાર્ડ અકાઉન્ટ સામે ચુકવણીઓ નિમ્નલિખિત કોઈ પણ રીતે કરી શકાશે :
  - ⇨જો કાર્ડ સભ્ય પાસે યસ બૅંક અકાઉન્ટ હોય તો તે/તેણી નેટબેન્કિંગ અને/અથવા યસ બૅંક એટીએમથી ચુકવણી કરી શકે છે. આવા કાર્ડ સભ્ય સ્થાયી સૂચના સુવિધા અપનાવી શકે છે, જેમાં ફંડ્સ આપોઆપ કાર્ડ સભ્યના યસ બૅંક અકાઉન્ટમાંથી લેણી તારીખે કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ શકે છે.
  - ⇨કાર્ડ સભ્ય લાભાર્થી તરીકે 16 અંકનો કાર્ડ નંબર **(આઈએફએસસી કોડ YESB0CMSNOC નો ઉપયોગ કરીને)** દ્વારા અન્ય બૅંક અકાઉન્ટમાંથી એનઈએફટી ફંડ ટ્રાન્સફર માધ્યમ થકી અથવા અન્ય બૅંકના નેટ બેન્કિંગ અકાઉન્ટનો ઉપયોગ કરીને બિલ ડેસ્ટ સુવિધા થકી ચુકવણી કરી શકે છે.
  - ⇨કાર્ડ સભ્ય યસ બૅંકની શાખાઓ અને એટીએમમાં ગોઠવવામાં આવેલાં કોઈ પણ યસ બૅંક ક્રેડિટ બેન્ક ડ્રોપ બોક્સીસમાં ચુકવણીનું સાધન (ચેક કે ડ્રાફ્ટ) ડ્રોપ કરીને પણ ચુકવણી કરી શકે છે. ચેક/ડ્રાફ્ટ યસ બૅંક ક્રેડિટ કાર્ડ નંબર XXXX XXXX XXXX XXXX ને ચૂકવવાપાત્ર હોવા જોઈએ.
  - ⇨કાર્ડ સભ્ય યસ બૅંક શાખાઓમાં રોકડ ચુકવણીઓ થકી પણ ચુકવણી કરી શકે છે. કૃપા કરીને ક્રેડિટ કાર્ડ અકાઉન્ટમાં રોકડ ચુકવણી માટે લાગુ શુલ્ક માટે શુલ્કનું શિડ્યુલ જુઓ.
- જો કાર્ડ સભ્યના સંદેશવ્યવહાર સરનામું/ઈમેઈલ સરનામામાં કોઈ પણ ફેરફાર થાય તો કાર્ડ સભ્યને તાત્કાલિક યસ બૅંકનો સંપર્ક કરીને તે અપડેટ કરવાની સલાહ છે, જેથી કાર્ડ સભ્યને સમયસર નિયમિત રીત નિવેદન પ્રાપ્ત થતાં રહે.
- નિવેદન/બિલિંગ વિખવાદોઃ જો કાર્ડ સભ્ય નિવેદનની તારીખના 60 દિવસની અંદર લેખિતમાં ખામીઓની યસ બૅંકને જાણકારી નહીં આપે તો નિવેદનના બધા મુદ્દાઓ સાચા અને સ્વીકાર્ય માનવામાં આવશે. આવી માહિતી પ્રાપ્ત થવા પર યસ બૅંક તપાસ બાકી હોય તે સમયમાં કામચલાઉ ધોરણે શુલ્ક ફેરવી શકે છે. જો ત્યાર બાદ તપાસો પૂર્ણ થવા પર આવા શુલ્કની લાયેબિલિટી કાર્ડ સભ્યના અકાઉન્ટની રહેશે. શુલ્ક સંકળાયેલા રિટ્રાઈવલ વિનંતી શુલ્ક સાથે ત્યાર બાદના



YBL Business Card MITC-YF_A4 (20 April 2017)_Size: 210 mm x 297 mm

નિવેદનમાં પુનઃસ્થાપિત કરાશે.

- કૃપા કરીને નોંધી લો કે દર મહિને ફક્ત લઘુતમ ચુકવણી કરો તો પણ તમારી બાકી રકમ પર પરિણામકારી વ્યાજની ચુકવણી સાથે પુનઃચુકવણીને પાછળ ઠેલી શકાય છે.
- કાર્ડ સભ્યને બિલિંગ અને નિવેદન અંગે વિખવાદ સંબંધમાં કોઈ પણ પૂછપરછ કરવી હોય તો યસ બૅંક ક્રેડિટ કાર્ડસનો સંપર્ક કરો.

⇨24X7 યસ ટચ કસ્ટમર કેર નંબર : 1800 103 6000/022–49350000

⇨મેઈલ થકી – યસ બૅંક લિમિટેડ, વન ઈન્ડિયા બુલ્સ પાર્ક, નં. 14, 3જો મુખ્ય રસ્તો, અંબાતુર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, અંબાતુર, ચેન્નાઈ – 600 058.

⇨ઈમેઈલ થકી yesfirstcc@yesbank.in

## 5. ડિફોલ્ટ અને સંજોગો

જો કાર્ડ સભ્ય આખર તારીખ સુધી કમસેકમ લઘુતમ લેણી રકમ પણ નહીં ચૂકવે તો અકાઉન્ટ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા અધિકૃત ક્રેડિટ બ્યુરોમાં માસિક સબમિશન્સમાં 'ઓવરડ્યુ' તરીકે નોંધાશે. કમસેકમ લઘુતમ લેણી રકમ પણ ન ચૂકવવાથી ક્રેડિટ કાર્ડ સેવાઓમાં અવરોધ આવી શકે છે. કાર્ડ સભ્યને ત્યાર બાદનાં નિવેદનમાં તેનાં/તેણીનાં લેણાં ચૂકવવા માટે યાદગીરી અપાશે. જો કાર્ડ સભ્ય આવશ્યક ચુકવણી કરી દે તો તેનો/તેણીનો રેકોર્ડ ક્રેડિટ બ્યુરોમાં રિફ્રેશ કરીને આગામી મહિનામાં 'કરન્ટ' તરીકે અપડેટ કરાશે.

ડિફોલ્ટના કિસ્સામાં કાર્ડ સભ્યને કોઈ પણ બાકી રકમની પતાવટ કરવા માટે અનુકૂળ સંદેશવ્યવહાર ચેનલો અને/અથવા યાદગીરી અપાવવા, ફોલો અપ કરવા અને લેણાં જમા કરવા તૃતીય પક્ષોને રોકીને પતાવટ માટે સમયાંતરે યાદગીરી મોકલવામાં આવશે. આ રીતે નિયુક્ત કોઈ પણ તૃતીય પક્ષ લેણાં વસૂલી પર આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરશે.

## 6. ભારણનો અધિકાર

યસ બૅંક કાર્ડ ખાતા પરની બાકી રકમ યસ બૅંકની માગણી કરવા પર મુકરર સમયમાં નહીં ભરાય તો કોઈ પણ સમયે અને સૂચના આપ્યા વિના કાર્ડ સભ્ય અને/અથવા એડ–ઓન કાર્ડ સભ્યના યસ બૅંક પાસેના કોઈ પણ અકાઉન્ટ/કસ્ટડીમાં તેમની ઉધાર બાકી હોય તેવી બધી રકમો પર ભારણ ધરાવવાનો અને સેટ–ઓફ કરવાનો અધિકાર ધરાવે છે.

## 7. કાર્ડ સભ્યપદની સમાપ્તિ/રિવોકેશન

- કાર્ડ સભ્ય નિમ્નિલિખિત સરનામે યસ બૅંકને લેખિતમાં આપીને કોઈ પણ સમયે કાર્ડ સભ્યપદ સમાપ્ત કરી શકે છે :

**ક્રેડિટ કાર્ડસ ડિવિઝન, યસ બૅંક લિ., યસ બૅંક ટાવર, પ્લોટ નં. 14, 3જો મુખ્ય રસ્તો, અંબાતુર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, અંબાતુર, ચેન્નાઈ - 600 058** આ સાથે કાર્ડને લઘુતમ 4 ટુકડામાં આડી દિશામાં કાપી નાખવાનું રહેશે. એડ–ઓન કાર્ડસ સહિત બધાં કાર્ડ લેખિત વિનંતી પર સમાપ્ત કરાશે. સમાપ્તિ કાપેલાં કાર્ડની પ્રાપ્તિ અને કાર્ડ અકાઉન્ટમાં બધી બાકી લેણી રકમની ચુકવણી પછી જ અમલી બનશે. વાર્ષિક, જોડાવાની કે નવીનીકરણ ફી પ્રો–રેટા ધોરણે રિફંડ નહીં કરાશે.

- જો યસ બૅંક ક્રેડિટ કાર્ડના ઉપયોગમાં અસાધારણ અથવા શંકાસ્પદ લેણદેણ શૈલી જુએ તો યસ બૅંક કાર્ડ લેણદેણની વિશ્વસનીયતા તપાસવા માટે તેની પાસે ઉપલબ્ધ કાર્ડ સભ્યના નોંધણીકૃત ફોન નંબર પર કાર્ડ સભ્યનો સંપર્ક કરવાનો પ્રયાસ કરશે.
- યસ બૅંકને ભાગે જો કાર્ડ સભ્યનો સંપર્ક કરવામાં નિષ્ફળતા મળે તો યસ બૅંક કાર્ડ સભ્યના હિતમાં અને/અથવા સલામતીનાં કારણોસર જરૂરી છે એવું યસ બૅંક વ્યવહારુ રીતે માનતી હોય તો કોઈ પણ વધુ સૂચના વિના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ નિયંત્રિત/સમાપ્ત કરી શકે છે.
- યસ બૅંક જો કાર્ડ સભ્ય લેણી ચુકવણીમાં ડિફોલ્ટ કરે અથવા વિસ્તારિત ક્રેડિટ લિમિટને પાર કરે તો ક્રેડિટ કાર્ડ પરની સુવિધા મોકૂફ રાખી શકે છે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ જો કાર્ડ સભ્ય કરાર સમાપ્ત કરાય અથવા જો કાર્ડ અકાઉન્ટ મોકૂફ કરવામાં આવે તો ઉપયોગ નહીં કરવું. આવી સ્થિતિમાં કાર્ડ સભ્યે (કોઈ પણ ડિફોલ્ટ અથવા કાયદા દ્વારા આવશ્યક અન્ય સૂચનાને આધીન) તાત્કાલિક યસ બૅંકને ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ પર કુલ બાકી રકમ ચૂકવી દેવાની રહેશે. આમાં ક્રેડિટ કાર્ડ અકાઉન્ટને હજુ લાગુ નહીં કરી હોય તે બધી લેણદેણ અને અન્ય રકમો સહિત કાર્ડ સભ્યના કરાર હેઠળ યસ બૅંકને લેણી બધી રકમનો સમાવેશ થાય છે. ક્રેડિટ કાર્ડ આવી લેણી બધી રકમ સંપૂર્ણ ચૂકવી નહીં દેવાય ત્યાં સુધી બંધ તરીકે ગણવામાં નહીં આવશે.
- કાર્ડ સભ્યના મૃત્યુ કે અસમર્થતા પર કાર્ડ સભ્ય અને કોઈ પણ એડ–ઓન કાર્ડ સભ્યોને જારી ક્રેડિટ કાર્ડ આપોઆપ રદ થશે. ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ કોઈ પણ સરકારી/નિયામક સંસ્થા પાસેથી સૂચના પર પણ બંધ કરવાને ઉત્તરદાયી રહેશે. ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ પર બધી લેણી રકમ જે પણ કિસ્સો હોય તે મુજબ મૃત્યુ કે અસમર્થતા પર તાત્કાલિક લેણી

તરીકે ગણવામાં આવશે અને યસ બૅંક બધી બાકી રકમની ચુકવણી સાથે કાર્ડ સભ્યની જવાબદારીના પૂર્વગ્રહ વિના અમલી સુસંગત કાયદા અનુસાર તેની વસૂલી કરવાને હકદાર રહેશે.

## 8. કાર્ડ ગુમ/ચોરી/દુરુપયોગ

- જો પ્રાઈમરી અથવા કોઈ પણ વધારાનાં ક્રેડિટ કાર્ડ ગેરવલ્લે, ગુમ, ચોરી થાય, ફાટી જાય, નિર્ધારિત મુજબ પ્રાપ્ત નહીં થાય અથવા જો તે/તેણીને ક્રેડિટ કાર્ડ એ કાર્ડ સભ્યની પરવાનગી વિના ઉપયોગ કરાયું છે એવી શંકા હોય તો તાત્કાલિક અમારા 24x7 યસ ટચ કસ્ટમર કેર નંબરને જાણ કરવી જોઈએ.
- યસ બૅંક કાર્ડ ગુમ થવાની જાણ કરાય તે પૂર્વે કાર્ડ અકાઉન્ટ પર ઉદભવેલી કોઈ પણ લેણદેણ માટે ઉત્તરદાયી કે જવાબદાર નહીં રહેશે. તે માટે કાર્ડ સભ્ય જ સંપૂર્ણ જવાબદાર રહેશે. યસ બૅંકને કાર્ડ ગુમ થવાની યોગ્ય જાણકારી પ્રાપ્ત થવા પર કાર્ડ સભ્ય કાર્ડ અકાઉન્ટ પર કોઈ પણ ભાવિ લેણદેણ માટે ઉત્તરદાયી નહીં રહેશે. ક્રેડિટ કાર્ડ ગુમ કે ચોરી થવા વિશે યસ બૅંકને જાણ કરવા ઉપરાંત કાર્ડ સભ્યે કાર્ડની કોઈ પણ ચોરી અંગે પોલીસને જાણ કરવી, એફઆઈઆર નોંધાવવી અને પોલીસ ફરિયાદની પહોંચની નકલ પૂરી પાડવી.
- કાર્ડ સભ્ય તેની કે એડ-ઓન કાર્ડ સભ્યની સંમતિથી પિન કે કાર્ડ  પ્રાપ્ત કરાતાં કોઈક દ્વારા કાર્ડનો દુરુપયોગ કરવાના કિસ્સામાં બધા નુકસાન માટે ઉત્તરદાયી રહેશે.
- જો કાર્ડ સભ્ય છેતરપિંડીની કૃતિ કરે તો કાર્ડ સભ્ય બધા નુકસાન માટે ઉત્તરદાયી રહેશે. જો કાર્ડ સભ્ય વ્યવહારુ સંભાળ વિનાની કૃતિ કરે તો કાર્ડ સભ્ય બધા ઉદભવેલા નુકસાન માટે ઉત્તરદાયી બની શકે છે.
- યસ બૅંક કાર્ડ સભ્ય કે કોઈ પણ એડ-ઓન કાર્ડ સભ્યને સંદર્ભ આપ્યા વિના પોલીસ કે અન્ય સુસંગત સત્તાઓને યસ બૅંકને કાર્ડ કે પિનના ગુમ, ચોરી કે દુરુપયોગ થવા વિશે સુસંગત લાગે તેવી કોઈ પણ માહિતી આપી શકે છે.
- કાર્ડ ગુમ થયાની જાણ કરાયા પછી ત્યાર બાદ કાર્ડ સભ્યને તે મળી જાય તો કોઈ પણ સંજોગોમાં તેનો ઉપયોગ નહીં કરવો જોઈએ. કૃપા કરીને કાર્ડની લોહચુંબકીય પટ્ટી અને ઈએમવી ચિપ પાસેથી અનેક ટુકડામાં કાપી નાખો.
- પિન (પર્સનલ આઈડેન્ડિફિકેશન નંબર) ક્રેડિટ કાર્ડ સાથે ઉપયોગ માટે કાર્ડ સભ્યને જારી કરાયો હોય અથવા કાર્ડ સભ્ય દ્વારા પિન તરીકે પસંદ કરાયેલો કોઈ પણ નંબર કાર્ડ સભ્યની જ જાણકારીમાં હોવો જોઈએ. તે કાર્ડ સભ્યના અંગત ઉપયોગ માટે છે અને ટ્રાન્સફર નહીં કરી શકાશે અને સખત રીતે ગોપનીય છે. પિન કોઈ પણ સ્વરૂપમાં લેખિત નોંધમાં નહીં રાખો અથવા તૃતીય પક્ષ દ્વારા ઉપયોગ કરી શકાય એ રીતે નહીં મૂકો. પિન યસ બૅંકના કર્મચારી કે વેપારી આસ્થાપના સહિત કોઈ પણ તૃતીય પક્ષો સામે કોઈ પણ સંજોગોમાં અથવા કોઈ પણ માધ્યમમાં, સ્વૈચ્છિક કે અન્યથા જાહેર નહીં કરો. યસ બૅંક અને/અથવા તેના કર્મચારી/સ્ટાફ કાર્ડ સભ્ય દ્વારા પિન સાથે કોઈ પણ બાંધછોડ થાય તો જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં રહેશે.

## 9. ફરિયાદ નિવારણ

જો તમને અમારી સેવાઓ અને/અથવા યસ બૅંકની કોઈ પણ પહોંચ ચેનલો દ્વારા આપવામામાં આવેલા પ્રતિસાદથી સંતોષ નહીં હોય તો અમને અહીં કોલ કરી શકો છો 1800 103 6000 (ટોલ ફ્રી) / 022-49350000 અથવા ઈમેઈલ મોકલોઃ **yesfirstcc@yesbank.in**. જો ફરિયાદ આગળ લઈ જવી હોય તો અમારા મુખ્ય નોડલ અધિકારીનો સંપર્ક કરોઃ શ્રી રતન કુમાર કેશ, યસ બૅંક લિમિટેડ, 22મો માળ, આઈએફસી, યસ બૅંક ટાવર, એલ્ફિન્સ્ટન રોડ (પ), મુંબઈ – 400 013. ઈમેઈલઃ principal.nodalofficer@yesbank.in અથવા કોલ કરો 0124-4619044 ઉપર સોમવાર થી શુક્રવારે સવારે 09.30 થી સાંજે 05.30 વચ્ચે કોલ કરો.

જો તમને ઉક્ત ઉલ્લેખિત ચેનલો પર તમારી ફરિયાદ આપ્યાની તારીખથી 1 (એક) મહિનામાં કોઈ પણ પ્રતિસાદ પ્રાપ્ત નહીં થાય અથવા જો તમને આપેલા પ્રતિસાદથી સંતોષ નહીં થાય તો સ્વતંત્ર સમીક્ષા માટે બેન્કિંગ લોકપાલને લખી શકો છો. કૃપા કરીને બેન્કિંગ લોકપાલ યોજના પર વધુ વિગતો માટે ફરિયાદ નિવારણ વેબપેજ www.rbi.org.in પર વિઝિટ કરો.

## 10. ડિસ્ક્લોઝર અને મહત્ત્વપૂર્ણ નિયમન માહિતી

- કાર્ડ સભ્ય પહોંચ આપે છે કે વર્તમાન વેપાર વ્યવહારો અનુસાર બૅંક ક્રેડિટ કાર્ડ(ડૉ) સંબંધી કોઈ પણ માહિતી કોઈ પણ ક્રેડિટ બ્યુરો (મોજૂદ કે ભાવિ)ને કાર્ડ સભ્યને કોઈ પણ સૂચના વિના સમયાંતરે જાહેર કરી શકે છે.
- ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો ઈન્ડિયા લિમિટેડ (સિબિલ) ભારત સરકાર અને રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાની નાણાકીય પ્રણાલીની કાર્યપ્રણાલી અને સ્થિરતાની સુધારણા માટેની પહેલ છે. બધી બૅંકો અને નાણાકીય સંસ્થાઓ આ પહેલમાં ભાગ લે છે તેમણે સિબિલ/અન્ય ક્રેડિટ બ્યુરોને ગ્રાહકોનો ડેટા આપલે કરવાનું આવશ્યક છે અને આ માહિતી ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઝ રેગ્યુલેશન એક્ટ 2005 અંતર્ગત પૂરી પાડવામાં આવે છે. આના ઉપલક્ષ્યમાં અમે કાર્ડ સભ્યને

માહિતગાર કરવા માગીએ છીએ કે યસ બૅંક કાર્ડની ચુકવણી ઓવરડ્યુ થવાના કિસ્સામાં સિબિલ અને કોઈ પણ અન્ય ક્રેડિટ બ્યુરો (મોજૂદ અને ભાવિ)ને કાર્ડ સભ્ય દ્વારા ક્રેડિટ કાર્ડ(ર્ડો)ના ડિફોલ્ટના સંબંધમાં કોઈ પણ માહિતી જાહેર કરી શકે છે. ઓવરડ્યુ સામે ચુકવણીની પ્રાપ્તિ પર ડેટાનું કોઈ પણ રિફ્રેશ/અપડેશન યસ બૅંક દ્વારા ચુકવણીની પ્રાપ્તિની તારીખથી 60 દિવસના સમયગાળામાં સિબિલ/અન્ય ક્રેડિટ બ્યુરોમાં પ્રદર્શિત થશે.

- યસ બૅંક કસૂર કરતા કાર્ડ સભ્યની જાણકારી બ્યુરોને આપવાનો અબાધિત અધિકાર ધરાવે છે, જે એવા કિસ્સામાં પણ અપાશે જ્યારે કાર્ડ સભ્ય બિલિંગ વિખવાદ ઊભો કરે, જે યસ બૅંકે અગાઉ અપ્રમાણિત વિખવાદ તરીકે સ્પષ્ટતા કરી હોય અથવા કાર્ડ સભ્ય દ્વારા યસ બૅંક દ્વારા વ્યાખ્યા કર્યા મુજબ આવા વિખવાદ માટે કટ-ઓફ સમય પછી ઊભો કરવામાં આવ્યો હોય અને/અથવા વિખવાદ એવી લેણદેણ સંબંધમાં હોય જ્યાં પિન કે વન ટાઇમ પાસવર્ડ ઉપયોગ કરાયો હોય.
- યસ બૅંક ભારતમાં કે વિદેશમાં સ્થિત અને યસ બૅંક ગ્રુપની કંપની હોય કે તૃતીય પક્ષ, તેની એકમેવ મરજીથી રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની લાગુ માર્ગદર્શિકા અનુસાર યસ બૅંક દ્વારા નિયુક્ત કોઈ પણ સેવા પ્રદાતાને ક્રેડિટ કાર્ડના સંચાલન સંબંધમાં કોઈ પણ પ્રવૃત્તિઓ નિયુક્ત રવાનો અબાધિત અધિકાર ધરાવે છે. યસ બૅંક કોઈ પણ નિર્દિષ્ટ સંમતિ વિના ક્રેડિટ કાર્ડના સંચાલન સંબંધમાં કોઈ પણ પ્રવૃત્તિઓ માટે આવા સેવા પ્રદાતાઓને કાર્ડ સભ્ય(યો)ના અકાઉન્ટ/એપ્લિકેશનની વિગતો પૂરી પાડી/આદાનપ્રદાન કરી શકે છે.
- કાર્ડ સભ્યને એ પણ માહિતગાર કરવામાં આવે છે કે યસ બૅંક તેની પોતાની મરજીથી કાર્ડ સભ્ય અને યસ બૅંકના પ્રતિનિધિ વચ્ચેનો ચોક્કસ વાર્તાલાપ જો ફરિયાદ સંબંધી વાર્તાલાપ હોય અથવા ચુકવણી વસૂલી સંબંધી વાર્તાલાપ હોય અથવા કોઈ પણ અન્ય વાર્તાલાપ હોય જે યસ બૅંકને અનુકૂળ લાગી શકે તેવા કિસ્સામાં રેકોર્ડિંગ કરી શકે છે.
- ચુનંદા ક્રેડિટ કાર્ડ પ્રકાર કાર્ડ પર કોમ્પ્લિમેન્ટરી વીમા રક્ષણ ધરાવે છે. યોજનાનું રક્ષણ ક્રેડિટ કાર્ડ સેટ-અપની તારીખથી શરૂ થઈ શકે છે. વધુ માહિતી અને નિયમો તથા શરતો માટે કૃપા કરીને યસ બૅંકની વેબસાઈટ જુઓ.
- સમયાંતરે યસ બૅંક તેના કાર્ડ સભ્યોને નોંધનીય લાભો આપતી વિવિધ વિશિષ્ટતાઓ/પ્રોડક્ટો/પ્રમોશનલ ઓફરો વિશે સંદેશવ્યવહાર કરી શકે અને આ કરવા માટે તૃતીય પક્ષોની સેવાઓ ઉપયોગ કરી શકે છે. જો કાર્ડ સભ્ય ટેલિફોન કોલ્સ/એસએમએસ થકી આવા લાભો વિશે માહિતગાર થવા માગતા નહીં હોય તો તે/તેણી 'ડુ નોટ કોલ' સેવા માટે સબ્સ્ક્રાઈબ કરી શકે છે. કૃપા કરીને 'ડુ નોટ કોલ' સેવા માટે કસ્ટમર સર્વિસને કોલ કરો અથવા વિઝિટ કરો **www.yes.bank**.
- તમારી ભારત બહારની યસ બૅંક ક્રેડિટ કાર્ડ લેણદેણ રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999ના એક્સચેન્જ કંટ્રોલ નિયમનો અનુસાર જ સખત રીતે હોવી આવશ્યક છે. કાર્ડ સભ્ય ભારતના નિવાસી હોય તેમને માહિતગાર કરવામાં આવે છે કે ઈલેક્ટ્રોનિક/ઈન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલો થકી દરિયાપારમાં ફોરેન એક્સચેન્જ ટ્રેડિંગ સામે કોઈ પણ સ્વરૂપમાં ભારતની બહાર પ્રત્યક્ષ/અપ્રત્યક્ષ ચુકવણીઓ વસૂલી અને અમલ/રેમિટ કરવા પર પ્રતિબંધ છે અને કાર્ડધારક આવી લેણદેણ કરે તો તેને/તેણીને/તેમને પોતાને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) 1999ના ઉલ્લંઘન માટે કાર્યવાહીને ઉત્તરદાયી બની શકે છે. ઉપરાંત નો યોર કસ્ટમર (કેવાયસી) ધોરણો/એન્ટી મની લોન્ડરિંગ (એએમએલ) ધોરણો સંબંધમાં નિયમનના ભંગ માટે ઉત્તરદાયી બનશે. યસ બૅંક ક્રેડિટ કાર્ડના ઉપયોગમાંથી ઉદભવતા એક્સચેન્જ કંટ્રોલ રેગ્યુલેશન્સના કોઈ પણ ઉલ્લંઘન માટે વ્યક્તિગત યસ બૅંક ક્રેડિટ કાર્ડ સભ્ય એકમેવ જવાબદાર રહેશે.
- ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડસનો ઈન્ટરનેટ કે અન્યથા પર લોટરીની ટિકિટો, પ્રતિબંધિત કે પ્રોસ્ક્રાઈબ્ડ મેગેઝીન્સ, સ્વીપસ્ટેસમાં સહભાગ, કોલ બેક સેવાઓ માટે ચુકવણી અને/અથવા આવી આઈટમો/પ્રવૃત્તિઓ કે જેમાં ફોરેન એક્સચેન્જનો ઉપાડ મંજૂર નહીં હોય તેવી પ્રતિબંધિત આઈટમોની ખરીદી માટે ઉપયોગ નહીં કરી શકાશે.
- મહત્ત્વપૂર્ણ નોંધઃ અમે અંગ્રેજી સમજી શકતા નથી તે વ્યક્તિઓની સમજ માટે એમઆઈટીસી અંગે માહિતી પ્રાદેશિક ભાષામાં આપી છે. પ્રાદેશિક ભાષામાં એમઆઈટીસી અંગેની માહિતીનું અચૂક ભાષાંતર પૂરું પાડવા અમે બધા વ્યવહારુ પ્રયાસ કર્યા છે છતાં કથિતની સંપૂર્ણતા માટે યસ બૅંક કોઈ જવાબદારી લઈ શકીશું નહીં. કથિત અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતોની અંગ્રેજી આવૃત્તિ અમારી વેબસાઈટ www.yesbank.in પર મળશે અને કોઈ પણ ખામી હોય તો અંગ્રેજી આવૃત્તિને જ સર્વોપરી માનવામાં આવશે.

<table>
<tr><th colspan="7">શુલ્કનું શિડ્યુલ - યસ બૅંક ક્રેડિટ કાર્ડ્સ</th></tr>
<tr><td></td><td colspan="6">યેસ ફર્સ્ટ બિઝનેસ ક્રેડિટ કાર્ડ</td></tr>
<tr><td>જોડાવાની ફી</td><td colspan="6">શૂન્ય</td></tr>
<tr><td>વાર્ષિક સભ્યપદ ફી (પ્રથમ વર્ષ અને નવીનીકરણ)</td><td colspan="6">₹5,000 + લાગુ કર<br>(પ્રથમ વર્ષ માટે ફી પ્રથમ નિવેદનમાં લાગુ કરાશે. દરેક નવીનીકરણ માટે વાર્ષિક ફી નવીનીકરણ પછી પ્રથમ નિવેદનમાં લાગુ કરાશે)</td></tr>
<tr><td>વાર્ષિક શુલ્કની માફી માટે ખર્ચની સ્થિતિ (ફક્ત રિટેઈલ ખર્ચ લેણદેણ પર લાગુ)</td><td colspan="6">વાર્ષિક શુલ્ક રિવર્સલ સ્થિતિઓ હેઠળ લાગુ નથી</td></tr>
<tr><td>વ્યાજ મુક્ત સમયગાળો</td><td colspan="6">50 દિવસ સુધી</td></tr>
<tr><td>લઘુતમ લેણી રકમ (એમએડી)</td><td colspan="6">નિવેદન અનુસાર કુલ લેણી રકમના લઘુતમ 5% અથવા ₹200, તેમાંથી જે પણ ઉચ્ચ હોય</td></tr>
<tr><td>કેશ એડવાન્સ લિમિટ</td><td colspan="6">ક્રેડિટ લિમિટના 30%</td></tr>
<tr><td>એડ-ઓન કાર્ડ ફી</td><td colspan="6">જોડાવાની ફી નહીં, વાર્ષિક ફી નહીં (મહત્તમ 3 એડ-ઓન કાર્ડ્સ સુધી જારી કરી શકાય)</td></tr>
<tr><td>ફરતી ક્રેડિટ, કેશ એડવાન્સ અને/અથવા ઓવરડ્યુ રકમ પર ફાઈનાન્સ શુલ્ક</td><td colspan="6">યસ બૅંક કરન્ટ અકાઉન્ટ, સેવિંગ્સ અકાઉન્ટ ધારકો અથવા બિઝનેસ બેન્કિંગ રિલેશનશિપ માટે - માસિક 1.20% (એટલે કે, 14.40% વાર્ષિકીય)<br>અન્યો - માસિક 1.99% (એટલે કે, 23.88% વાર્ષિકીય)</td></tr>
<tr><td rowspan="2">વિલંબિત ચુકવણી શુલ્ક (એલપીસી)<br>(નિવેદન અનુસાર, નિવેદન બેલેન્સ અનુસાર)</td><td>નિવેદન બેલેન્સ માટે</td><td>< ₹100</td><td>₹101-500</td><td>₹501-5,000</td><td>₹5,001-20,000</td><td>₹20,000</td></tr>
<tr><td>એલપીસી</td><td>શૂન્ય</td><td>₹100</td><td>₹400</td><td>₹500</td><td>₹700</td></tr>
<tr><td>ઓવરલિમિટ ફી</td><td colspan="6">ઓવરલિમિટ રકમના 2.5% અથવા ₹500, તેમાંથી જે પણ ઉચ્ચ હોય</td></tr>
<tr><td>કેશ એડવાન્સ ફી</td><td colspan="6">ઉપાડેલી રકમના 2.5% અથવા ₹300, તેમાંથી જે પણ ઉચ્ચ હોય</td></tr>
<tr><td>ચુકવણી રિટર્ન શુલ્કઃ ચેક/ઓટો પે</td><td colspan="6">₹350 (ચેક કે ઓટો પે રિટર્નના કેસ અનુસાર)</td></tr>
<tr><td>રિવોર્ડ રિડેમ્પશન ફી</td><td colspan="6">₹100 રિડેમ્પશન વિનંતી દીઠ</td></tr>
<tr><td>ઇંધણ સરચાર્જ માફી (ઇંધણ સરચાર્જ પર લાગુ સેવા કર અને અન્ય સેસ ફેરવાશે નહીં)</td><td colspan="6">ફક્ત ₹400/- થી ₹5,000/- વચ્ચે લેણદેણ માટે લાગુ. નિવેદન ચક્રમાં મહત્તમ સરચાર્જ માફી ₹1,000/-</td></tr>
<tr><td>ગુમ, ચોરી કે હાનિગ્રસ્ત કાર્ડ ફરી જારી કરવું</td><td colspan="6">₹100 (ફરીથી જારી કરવા દીઠ)</td></tr>
<tr><td>ફોરેન કરન્સી કન્વર્ઝન શુલ્ક</td><td colspan="6">1.75%</td></tr>
<tr><td>આઉટસ્ટેશન ચેક પ્રક્રિયા ફી</td><td colspan="6">₹25 (આઉટસ્ટેશન ચેક માટે)</td></tr>
<tr><td>ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ (6 મહિનાથી જૂનું નહીં)</td><td colspan="6">નિવેદન દીઠ ₹100</td></tr>
<tr><td>ક્રેડિટ કાર્ડ પુનઃચુકવણી સામે વાયબીએલ શાખામાં રોકડ જમા</td><td colspan="6">₹100 (01/01/2017ના રોજ અથવા પછી રોકડ જમા માટે લાગુ થશે)</td></tr>
<tr><td>રેલવે ટિકિટ બુકિંગ અને કેન્સલેશન સરચાર્જ (કાઉન્ટર પર)</td><td colspan="6">શુલ્ક આઈઆરસીટીસીની વેબસાઈટ અનુસાર લાગુ છે</td></tr>
<tr><td>વસ્તુ અને સેવા કર (જીએસટી)</td><td colspan="6">18% (બધી ફી અને શુલ્ક પર લાગુ)</td></tr>
</table>

યસ બૅંક

www.yes.bank

ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન, યસ બૅંક લિ., યસ બૅંક ટાવર, પ્લોટ નં. 14, 3જો મુખ્ય રસ્તો, અંબાતુર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ,
અંબાતુર, ચેન્નાઈ – 600 058

24x7 યસ ટચ કસ્ટમર કેર નંબર્સ :

1800 103 6000 (ભારતમાં મોબાઈલ અને લેન્ડલાઈન્સ માટે ટોલ ફ્રી)

+91 22 4935 0000 (ભારતની બહારથી કોલ કરો ત્યારે)

વેબસાઈટ : www.yes.bank

ઈમેઈલ સરનામું : yesfirstcc@yesbank.in

v1.0